હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



તમારે મને રંગવો હોય તો મને વાંધો નથી... હું હમણાં જ ચાઈનાથી આવ્યો છું...!!

વાત-વાતમાં.....

- હોળીના દિવસે શહેરમાં ધાણી-ખજૂરની ઘરાકી ઉપડતાં લારીઓવાળાઓએ લાગ જોઈને ભાવમાં વધારો કરી દીધો હતો. જે ધાણી ગત વર્ષે કિલોના રૂ. ૬૦-૭૦ના ભાવે વેચાઈ હતી તેના આ વર્ષે કિલોના રૂ. ૧૦૦ થી ૧૨૦ અને જે ખજૂર કિલોના રૂ. ૮૦-૧૦૦ રેન્જમાં વેચાઈ હતી તેના રૂ. ૧૩૦ થી ૧૦૦ સુધી ખંખેરી લેવામાં આવ્યા હતા.
- રાજ્યના મુખ્યમંત્રી જ્યાં બેસે છે તે સ્વર્ણિમ સંકુલ-૧માં ઈલેક્ટ્રીક નવીનીકરણનું કામ હાથ ધરવામાં આવ્યું છે. સ્વર્ણિમ સંકુલ-૧ની તમામ લાઈટો બદલીને નવી એલઈડી લાઈટો ફીટ કરવામાં આવી રહી છે.

દહેગામ વટવા ગામની સીમમાં

૩૨૦ ટન જોખમી કચરો ઠાલવતા શખ્સોને એલસીબીએ પકડી પાડ્યા

પોલીસે જેસીબી મશીન અને બે ડમ્પરો મળીને કુલ ૩૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો, કોન્ટામીનેટેડ પ્લાસ્ટીક વેસ્ટ તેમજ ઈટીપી કેમીકલ સ્લજનો જોખમી કચરો હોવાનું જીપીસીબીના અધિકારીઓએ જણાવ્યું

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના વટવા ગામની સીમમાં આવેલા મલ્હાર બંગ્લોઝની સાઈટમાં કોન્ટામીનેટેડ પ્લાસ્ટીક વેસ્ટ જોખમી કચરો તેમજ ઈ.ટી.પી. કેમીકલ સ્લજનો જોખમી કચરો કુલ વજન ૩૨૦ટન ઠાલવતા શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી કરી ગાંધીનગર એલસીબી પોલીસે કચરાના નિકાલ માટે એક જેસીબી મશીન તેમજ બે ડમ્પરો કિ. રૂ.૩૦,૦૦,૦૦૦ ના વાહનો કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

એલસીબી પીઆઈ એચ.પી.ઝાલના માર્ગદર્શન હેઠળ વિવિધ વિસ્તારમાં ટીમના સભ્યો કાર્યરત હતા. ત્યારે એલસીબી પીઆઈ વી.વી.વર્મા અને તેમની ટીમના જવાનો દહેગામ વિસ્તારમાં ગતરોજ પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન સાથે રહેલા પો.કો.વિજયસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે દહેગામ બાયડ માર્ગ પર આવેલા આદિત્ય પેપટેચ પ્રો.લી.માંથી કલોલ સઈજ જીઆઈડીસી વિસ્તારમાં આવેલ મજેઠીયા પેપર્સ પ્રા.લી.માંથી ડમ્પરો મારફતે પ્લાસ્ટીક વેસ્ટ જોખમી કચરો દહેગામ તાલુકાના

વટવા ગામની સીમમાં આવેલા મલ્હાર બંગ્લોઝની સાઈટની બાજુમાં ખુલ્લી જગ્યામાં ગેરકાયદેસર રીતે ઠલવાઈ રહ્યો છે. ત્યારે પ્લાસ્ટીક વેસ્ટનો જોખમી કચરાનો નિકાલ રાત્રીના સમયે જ કરવામાં આવે છે. જેથી એલસીબી ટીમના સભ્યોએ બાતમીને પગલે સ્થળ પર જોતા એક જેસીબી મશીન નં.જી.જે.૧૮.એ સ.એ સ.-૦૨૨૪ દ્વારા જમીનમાં ઠાલવેલ કચરો તળાવમાં પુરાણ કરવાનું કામ ચાલતુ હતું. જયારે બાજુમાં બે ડમ્પરો પડેલા હતા જે ડમ્પરોમાં જોખમી કચરો ભરેલો હતો. જેથી ગાંધીનગર જીપીસીબીના પ્રાદેશીક કચેરીના વૈજ્ઞાનિક અધિકારીનો સંપર્ક કરી સ્થળ પર બોલાવ્યા હતા. જયારે જેસીબીના ડ્રાઈવર ઈરફાનમીયા દાઉદમીયા કુરેશી (રહે. રાજપુર ગામ, કુરેશીવાસ, મસ્જીદની બાજુમાં કડી. તા.કડી) અને ડમ્પરોના ચાલક રમેશ સુરસિંહ રાયકા (રહે. હાલ અતુલભાઈ પટેલની ગાડી ઉપર તા. કલોલ, જી.ગાંધીનગર, મુળ રહે.સારંગપુર ગામ તા.લુણાવાડા, જી.મહીસાગર) બાલકૃષ્ણ પ્રવિણસિંહ ઝાલા (રહે.૧૫ પારસમણી સોસાયટી બાપા સીતારામ મઢુલી પાસે તા.કલોલ, જી.ગાંધીનગર મુળ રહે. બાકતરી, તા.પાટડી, જી.સુરેન્દ્રનગર) હોવાનું જણાવ્યું હતું. એલસીબી પોલીસે આ ડ્રાઈવરોને જોખમી કચરા અંગે પુછપરછ કરતા તેઓએ જણાવ્યું હતું કે પોતાના શેઠ અતુલભાઈ પટેલના કહેવાથી દહેગામ-બાયડ માર્ગ પર આવેલા આદિત્ય પેપર્સ પ્રા.લી.માંથી ભરી લાવી તેમજ કલોલ જીઆઈડીસીમાં આવેલા મજેઠીયા પેપર્સ પ્રા.લી. જેનું જુનુ નામ તેજલ પેપર મીલ છે. ત્યાંથી ભરી લાવી અહીં ઠાલવવા માટે આવ્યા હતા.આ કચરા અંગે પોલીસે પુછતા જીપીસીબીના પ્રાદેશીક કચેરીના અધિકારી એસ.આર.પટેલ અને એસ.એસ.જયસ્વાલ તેમજ મદદનીશ પર્યાવરણ ઈજનેર સૌરક્ષ દેસાઈ એ આ તમામ કચરાનું ઝીણવટભર્યુ નિરીક્ષણ કરીને કુલ કચરો ૩૨૦ ટન છે. જયારે આ કચરો કોન્ટામીનેટેડ પ્લાસ્ટીક વેસ્ટ તેમજ ઈ.ટી.પી. કેમીકલ સ્લજ જોખમી કચરો હોવાનું જણાવ્યું હતું.

ખૂણેખાંચરેથી

- જિલ્લામાં સુપરન્યુમરી અધિક કલેક્ટર તરીકે નિમાયેલ હુડ્ડા આજે જિ. પંચાયતમાં તાલિમ માટે આવ્યા હતા.
- જિલ્લા કલેક્ટર કચેરીમાં મહિલા કર્મયોગીનીઓએ આજે ગુલાલથી એક-બીજાને રંગના છાંટણા કર્યા હતા. જિલ્લા પંચાયતની મહિલા અને બાળ કલ્યાણ શાખાની મહિલા કર્મયોગીનીઓ પણ હોળી રમી હતી.
- જિલ્લા કલેક્ટર દ્વારા આજે સાંજે મહિલા કર્મયોગીનીઓ માટે ખાસ મેડીકલ કેમ્પ યોજાયો હતો.
- ૧૦-૧૧ દરમ્યાન ગાંધીનગર સહિત રાજ્યના કેટલાક જિલ્લાઓમાં કમોસમી વરસાદ થવાની આગાહી હવામાન વિભાગે કરી છે.
- ૧૧-૧૨-૧૩ના રોજ અડાલજ ખાતે યોગ શિબિરનું આયોજન આરોગ્યતંત્ર દ્વારા હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર માટે કરાયુ છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયત કર્મચારી મંડળે જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલને પત્ર લખી થમ્બ એટેન્ડેન્ટસની પ્રથા કોરોના વાયરસના ભયને લઈ હાલ સ્થગિત કરવામાં આવે તેવી માંગ કરી છે.

આજરોજ યોજાયેલ ગુજરાત યુનિ.ની વેલ્ફેર મેમ્બરની ચૂંટણીમાં ગાંધીનગર સમર્પણ કોલેજના વિદ્યાર્થી યશરાજસિંહ ચાવડાનો વિજય થતાં જિલ્લાની વિદ્યાર્થીઆલમમાં ખુશીનો માહોલ છવાયો છે.

ઈસનપુર મોટા એમ.બી. પટેલ સાર્વજનિક હોસ્પિટલ ખાતે

વિશ્વ મહિલા દિવસ નિમિત્તે સન્માન અને અભિવાદન કાર્યક્રમ યોજાયો

ચિલોડા, તા. ૯

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે ઈસનપુર મોટા સ્થિત એમ.બી. પટેલ

સાર્વજનિક હોસ્પિટલના પટાંગણમાં સંસ્થા ખાતે કામ કરતી અને નિષ્ઠાથી ફરજ બજાવતી આયાબહેનોનું શાલ ઓઢાડી-ફૂલછડીથી પ્રતિકરૂપે આપી નારીનું સન્માન કરવામાં આવ્યુ હતુ.

સંસ્થાના નિવૃત થયા પછી સંસ્થામાં સેવા આપતા અમૃતાબેન સાધુના જીવનમાં બનેલી દુઃખદ ઘટનાનું વર્ણન કન્વીનર રામચંદ્રભાઈ જી. પટેલે કર્યુ હતુ. તેમના સ્વ. પતિ નરસિંહભાઈનું મોરબી રેલ સંકટમાં મૃતદેહોના નિકાલ કરી અંતિમ સંસ્કાર કરવાના કામમાં તેમનુ ચેપ લાગવાથી દુઃખદ અવસાન થયુ. છતાં જીવનમાં પડકારો અને સંઘર્ષ વચ્ચે પોતાના પરિવારના બાળકોને ભણાવી-ગણાવી પગભર કર્યા તથા દિકરીઓના લગ્ન પ્રસંગ પણ પૂર્ણ કરી તેમના પતિની ઈચ્છાઓ પૂર્ણ કરી. સૌની આંખ ભીની થઈ.

આયાબહેનોનું સન્માન શ્રીમતી રંજનબેન, ભાવનાબેન તથા ભાવનાબેન સ્ટાફ સિસ્ટરોએ કર્યુ. તમામ સિસ્ટરોનું પણ ગુલાબના ફૂલથી અભિવાદન કરવામાં આવ્યુ.

આ અભિવાદન કાર્યક્રમમાં ટ્રસ્ટી અને સહમંત્રી રમેશભાઈ બી. પટેલે પ્રાસંગિક પ્રવચન દ્વારા સન્માનિત કર્યા હતા. મહિલાઓના સન્માન સમારોહના ગૌરવવંત પ્રસંગમાં સૌને અભિનંદન પાઠવ્યા હતા. સંસ્થાના ડૉ. હેતલભાઈ ચૌધરી ડૉ. દેવેલ પાંચોટિયા તથા ગ્રામ આગેવાન જીલુજી તથા જયંતિભાઈ વગેરે હાજર રહ્યા હતા.

વિશ્વ મહિલા દિનની ઉજવણીના ભાગરૂપે જયોતિ મહિલા મંડળ દ્વારા સે-૧૯ સ્થિત સ્પેશિયલ હોમ કેરના એઈડસગ્રસ્ત બાળકોને વિપુલ જથ્થામાં જીવન જરૂરી ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના પ્રમુખ ડૉ. ચેતના બુચ, નીરૂબેન નાયક, મીનાબેન શાહ, કોકિલાબેન નાયક, હર્ષાબા ધાંધલ તથા જયોતિબેન ઠકકર સાથે સે-૫ રાધાકૃષ્ણ મંડળનો પૂરતો સહયોગ રહ્યો હતો. ઉલ્લેખનીય છે કે આગામી દિવસોમાં સંસ્થા દ્વારા વિવિધ કાર્યક્રમ થતા રહેશે જેમાં સર્વે નગરની બહેનોને ઉપસ્થિત રહેવા સંસ્થા દ્વારા જણાવાયું છે.

આદિવાસીઓ કેસુડીયા વન ખાતે ધુળેટીની ઉજવણી બંધ રાખશે

ગાંધીનગર, તા. ૯

આદિવાસી સંસ્કૃતિનું જતન કરવાના ધ્યેય સાથે છેલ્લા ચૌદ વર્ષથી આદિવાસી સમુદાય દ્વારા ધુળેટીનું મહાપર્વ કેસુડિયા વન-ઉ-ન્યુ ખાતે ઢોલ, કુંડી, ડાંડીયા, લેઝીમના તાલે ઉજવવામાં આવે છે.

આપ સુવિદિત છો તે મુજબ કોરોના વાયરસ ગુજરાતના ઘણા વિસ્તારોમાં ફેલાઈ ચૂક્યો છે. સલામતીના ભાગરૂપે આપણે પણ સતર્ક રહેવાની આવશ્યકતા છે. રોગની ભયંકરતા જોતા આ વખતે કેસુડિયા વન ખાતે આદિવાસીઓ દ્વારા સામુહિક રીતે ઉજવાતો કાર્યક્રમ બંધ રાખવા હોળી સમિતિએ નિર્ણય કરેલ છે. જેની તહેવાર પ્રિય આદિવાસી પરિવારોએ નોંધ લેવા વિનંતી છે.

૧૮૧ અભયમ હેલ્પલાઈન દ્વારા મહિલાઓને વિવિધ પ્રકારની મદદ પહોંચાડી સેવા કરી

ચિલોડા, તા. ૯

મહિલા હેલ્પલાઈન ૧૮૧ અભયમ મહિલાદિને પાંચ વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કરેલ છે. મહિલાની બચાવ અને માર્ગદર્શન પ્રશંસનીય કામગીરી કરી છે. અભયમ્ રેસ્ક્યુ વાન સાથે કાઉન્સેલરે કોન્સ્ટેબલ, પાયલોટ દ્વારા ગાંધીનગર જિલ્લામાં ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન દ્વારા ૨૨૨૮ મહિલાઓને ૧૮૧ની વાનની મદદથી મદદની કામગીરી કરી હતી. ૧૪૪૯ મહિલાઓના કેસોને સ્થળ ઉપર જ સમાધાનરૂપે પૂર્ણ કર્યા હતા. ૭૭૯ કેસોમાં પોલીસ સ્ટેશન અને એન.જી.ઓ. તથા ઓ.એસ.સી.માં મુકીને મહિલાઓને મદદ કરાઈ છે. માર્ચ-૨૦૧૯થી માર્ચ-૨૦૨૦ સુધી એક વર્ષમાં મળતી અભયમ હેલ્પ લાઈનની સેવા લેવા વધુ જાગૃત બની છે. મહિલાઓ સાથેની વિવિધ પ્રકારની હિંસા સામે રક્ષણ આપવામાં આવ્યું છે. તેવુ કાઉન્સેલર વિલાસબા ઝાલાએ જણાવ્યુ હતુ.

નારી અને ધૂળેટીના રંગોની રચનાઓ સાથે સર્જકોએ વાતાવરણ રંગીન કર્યુ

ગાંધીનગર, તા. ૯

વિશ્વ મહિલા દિવસ અને ધૂળેટીના પર્વને અનુલક્ષીને ગાંધીનગર સાહિત્યસભા દ્વારા

સ્વરચિત ગદ્ય-પદ્ય રચનાઓની મહેફિલ યુથ હોસ્ટેલ ખાતે રવિવારની સાંજે યોજાઈ ગઈ.

સાહિત્યસભાના અધ્યક્ષ નટવર હેડાઉએ આજે પોતાના કાર્યકાળની છેલ્લી બેઠક છે એમ જણાવતા એમના કાર્યકાળની સિદ્ધિઓ વર્ણવી સૌનુ સ્વાગત કર્યુ હતુ. માયા ચૌહાણ દ્વારા શાસ્ત્રીય ભક્તિ રચનાથી સભાની શરૂઆત કરી હતી.

ધૂળેટી અને નારીની રચનાઓ સાથે ઉપ સાહિત્યકાર ઉપસ્થિત હતા. આ સભામાં ડૉ. કેશુભાઈ દેસાઈ, પ્રવીણ ગઢવી, પ્રતાપસિંહ ડાભી, નટવર હેડાઉ, નિપૂર્ણ ચોકસી, ભીખુ કવિ, સંજય થોરાત, કાન્તીલાલ શર્મા, ચંદ્રીકા સોલંકી, ઉર્વશી મહેરીયા, મહેન્દ્ર રાઠોડ, રણછોડ પરમાર, મણીલાલ શ્રીમાળી, સુનીતા વ્યાસ, રમણલાલ શ્રીમાળી વગેરેએ પોતાની રચનાઓ પ્રસ્તુત કરી વાતાવરણને રંગીન બનાવ્યુ હતુ.

કાર્યક્રમનું રસાળ, ફિલ્મોની હોળીની વિશેષ માહિતી સાથે સંચાલન ઉપાધ્યક્ષ સંજય થોરાતે કર્યુ હતુ. કાર્યક્રમની આભારવિધિ ભીખુ કવિ દ્વારા કરવામાં આવી હતી. સૌને ધાણી-ખજૂર આપી હોળીની શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

ગાંધીનગર જિલ્લા સ્થિત સાબરમતી સમૃધ્ધિ સેવા સંઘ સંસ્થા ખાતે મહિલા દિનની ઉજવણી

ગાંધીનગર જિલ્લા સ્થિત સાબરમતી સમૃધ્ધિ સેવા સંઘ સંસ્થા ખાતે મહિલા દિનની ઉજવણીના ભાગરૂપે 'સશકત સ્ત્રી સમાન સૃષ્ટિ' વિષયને અનુલક્ષીને કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં સંસ્થાના વડા પ.પૂ.ધ.ધૂ. થોમસ સાહેબની અધ્યક્ષતામાં ઉત્તર ગુજરાતના ૬ જિલ્લાઓમાંથી ૩૨૦ મહિલાઓ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં મહિલાઓ તથા બાળકોના તંદુરસ્ત આરોગ્ય, જાતીય શોષણ વિરોધી કાયદા અને મહિલા સુરક્ષાના અલગ અલગ સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

દેખો દેખો યે હૈ ''મસ્તાનો કી ટોલી'' દિવાને બનકર ખેલ રહે હૈ યે હોલી

હોળી-ધુળેટી એટલે અનિષ્ટ પર સત્યનો વિજયોત્સવ મનાવવાનો તહેવાર... દિલમાં ધરબાયેલા ઉમંગોને બહાર કાઢી મોજથી મસ્તીએ ચઢવાનો તહેવાર.. બીજાને પોતાના રંગમાં રંગવાનો અને પોતે બીજાના રંગમાં રંગાઈ જવાનો ઉલ્લાસ મનાવવાનો તહેવાર... જો કે સમાજમાં હજુ એવું બાળપણ પણ વસી રહ્યું છે જેમની આર્થિક સ્થિતિ પેટનો ખાડો પુરવા પુરતી પણ સક્ષમ નથી હોતી તે બાળકો ઉત્સવો તો ક્યાંથી ઉજવે ?? જો કે શહેરના સેવાભાવી યુવાનો દ્વારા આજે ઝુંપડપટ્ટીમાં રહેતા શ્રમજીવી પરિવારોના બાળકો સાથે હોળી રમવાની મોજ માણી હતી અને તેમને ખૂબ જ આનંદ કરાવ્યો હતો. સ્વાપર્ણ ચેરિટેબલ ટ્રસ્ટ તથા ગૂંજ ફાઉન્ડેશનના યુવાનોએ શહેરના સેક્ટર-૪, ૫ અને ૬ માં સેવાવસ્તીમાં જઈને બાળકોને રંગ તથા પિચકારીનું વિતરણ કરી તેમની સાથે રંગોત્સવ ઉજવ્યો હતો. આ સાથે બાળકોને ધાણી-ખજૂર પણ ખવડાવવામાં આવી હતી.

ચિલોડા પ્રાથમિક શાળા ખાતે રૂમ ટુ રીડ આદર્શ પુસ્તકાલય લોકાર્પણ કાર્યક્રમ યોજાયો

ચિલોડા, તા. ૯

વાંચે ગુજરાત-પઢે ગુજરાત અંતર્ગત ગાંધીનગર તાલુકાના ચિલોડા સ્થિત પ્રાથમિક શાળા ખાતે અદાણી ફાઉન્ડેશન દ્વારા વર્ષ ૨૦૧૭થી ૨૦૨૦ સુધી ત્રણ વર્ષ સંસ્થાના પપ્પુભાઈએ પુસ્તકાલયનું સંચાલન કરી ધો. ૧ થી ૫ ના બાળકોને બાળવાર્તાઓના ગમતા પુસ્તકો દ્વારા વાંચન કરાવી પુસ્તકાલયનો અનુભવ કરાવ્યો હતો.

બાળકોમાં પુસ્તક વાંચન દ્વારા વિશિષ્ટ કૌશલ્યોનો વિકાસ થાય અને મૌલિકતાનું સર્જન થાય. માતૃભાષા પ્રત્યે જાગૃત અને ગૌરવ વધે તેવા હેતુસર આદર્શ પુસ્તકાલયનું લોકાર્પણ કાર્યક્રમ શાળાના એસએમસી શિક્ષણવિદ નટુભાઈ પટેલ, બાળકોના વાલીઓ ગ્રામજનોની ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ કાર્યક્રમમાં પુસ્તકાલયની ફાઈલ શિક્ષણવિદ નટુભાઈ પટેલને સંસ્થાના પપ્પુભાઈ દ્વારા અર્પણ કરી હતી. આ પ્રસંગે બાળકોએ વાંચન પુસ્તક અંગે વાર્તાઓ રજૂ કરી હતી.

આ પ્રસંગે શાળાના આચાર્ય હર્ષદભાઈ પટેલે વાલી સંમેલનમાં આગામી પરીક્ષાના ફેરફારો અને પરીક્ષા પદ્ધતિ અંગે વાકેફ કર્યા હતા. ઉપસ્થિત વાલીઓએ પુસ્તકાલયની મુલાકાત દ્વારા આભાર વ્યક્ત કર્યો હતો.

દીક્ષા કિડ્સ સ્કૂલ અને દીવા (દીક્ષા વુમન વેલ્ફેર એસોસિએશન) દ્વારા વુમન ડે સેલિબ્રેશન નિમિતે ગાંધીનગર શહેરમાં ૮ માર્ચના દિવસે જન્મ થનાર દિકરીઓને એક ગીફટ આપવાનું કીધુ હતું. જે અંતર્ગત ગાંધીનગર સિવિલમાં ત્રણ અને ઈલા મેટરનીટી હોમમાં એક દિકરીનો જન્મ થયો હતો. જેમાં જન્મ થનાર દિકરીઓને ફોટો ફ્રેમ અને મીઠાઈ આપીને દિકરી જન્મની શુભેચ્છા પાઠવી હતી.